**ગુજરાત વિદ્યુત નિયમન આયોગ, છઠો માળ, ગિફ્ટ-૧, રોડ ૫-સી,ઝોન-૫, ગીફ્ટ સીટી ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ની સમક્ષ**

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**

## જાહેર વિજ્ઞપ્તિ

નીચેના સંદર્ભમાં:

ઉપરોકત અરજદાર પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૪ દ્વારા કેઇસ નં. ૧૫૫૦/૨૦૧૫ થી નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ સમક્ષ વર્ષ-૨૦૧૪-૧૫ ના ટ્રુ-અપ તેમજ વર્ષ ૨૦૧૬-૧૭ માટે વાર્ષિક રાજસ્વની જરૂરીયાત (કામચલાઉ) તથા વીજદર નક્કી કરવા માટેની દરખાસ્ત ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખુ) જાહેરનામુ-૨૦૧૧, નામદાર આયોગ દ્વારા વખતોવખત આપવામાં આવેલ માર્ગદર્શન અને દિશાસૂચનો, વીજ અધિનિયમ-૨૦૦૩ ના પાર્ટ ૭ (કલમ ૬૧ થી ૬૪) જોગવાઇ અને નામદાર ગુજરાત વીજ નિયંત્રક આયોગ દ્વારા સુઓ મોટો પીટીશન નં. ૧૫૩૪/૨૦૧૫ થકી કરવામાં આવેલ હુકમ મુજબ રજૂ કરેલ છે.

**અરજદાર**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ), લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ, એ રાજયના પશ્ચિમ ક્ષેત્રમાં વીજ વિતરણની કામગીરી સંભાળતી કંપની છે.

**વીજદરની દરખાસ્તઃ**

કંપની દ્વારા હૈયાત વીજદરમાં કોઇ ફેરફાર સૂચવેલ નથી, માત્ર એલટીએમડી કક્ષાનાં વીજગ્રાહકો માટે વીજમાંગના દરને, 'પ્રતિ કિલોવોટ પ્રતિમાસ' ના બદલે 'પ્રતિ કેવીએ પ્રતિ માસ' મુજબ વસૂલવાની દરખાસ્ત કરેલ છે.

**સૂચનો / વાંધાઓ રજૂ કરવાની માર્ગદર્શિકાઃ**

ઉપરોકત બાબતે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (કાર્ય સંચાલન અને વેપાર) જાહેરનામુ ૨૦૦૪ અને ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (બહુવર્ષીય ટેરીફ માળખુ) જાહેરનામુ-૨૦૧૧ ની જોગાવઇની રૂએ આથી સંબંધીત વ્યકિતઓ/સંસ્થાઓ વિગેરે પાસેથી ઉપરોકત દરખાસ્ત પરત્વે સુચનો તથા વાંધાઓ મંગાવવામાં આવે છે, જે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગની કચેરીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠો માળ, ગિફ્ટ-૧, રોડ ૫-સી,ઝોન-૫, ગીફ્ટ સીટી ગાંધીનગર ૩૮૨ ૩૫૫ ને તારીખ ૨૨.૦૧.૨૦૧૬ સુધીમાં પ્રમાણીત મુસદા પ્રમાણે સોગંદનામું કરીને પાંચ નકલમાં મોકલી આપવાના રહેશે તથા તેની એક નકલ નીચે સહી કરનારને પહોંચતી કરવાની રહેશે. સુચનો/વાંધાઓ નોંધાવનાર આસામીએ તેમની રજુઆતો સાથે સંબંધીત પ્રમાણભુત દસ્તાવેજો પણ રજુ કરવાના રહેશે.

**દરખાસ્તની નકલ મેળવવા માટેઃ**

ઉપરોકત દરખાસ્તની નકલ પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટની વડી કચેરીમાંથી મુખ્ય ઇજનેર પાસેથી અથવા તો પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડની અધિક્ષક ઇજનેર વર્તુળ કચેરીમાંથી જરૂરી રકમ ભરપાઇ કરવાથી મળી શકશે. સંબંધીત દસ્તાવેજો ખરીદવા માટે કિંમત રૂા. ૨૦૦/- પ્રતિ નકલ નક્કી કરવામાં આવી છે.

ટપાલથી નકલ મેળવવા માટે નકલ દીઠ ટપાલ ખર્ચ પેટે રૂા. ૫૦/- (રૂા.પચાસ પુરા ) વધારાના સહિતની રકમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફ્ટથી પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડના નામે મોકલવાના રહેશે.

ઊપરોકત દસ્તાવેજો કંપનીની વેબ સાઇટ www.guvnl.com તથા www.pgvcl.com ઉપરથી પણ મેળવી શકાશે.

**તારીખઃ** ૨૩.૧૨.૨૦૧૫ (સંદિપ કુમાર આઇ એ એસ )

**સ્થળઃ** રાજકોટ **એમડી (પીજીવીસીએલ)**